શ્રીનગર

ઉત્તર-પૂર્વ અને પહાડી રાજ્યોમાં કુદરતનો કોપ

ભારે વરસાદ અને પૂરથી વ્યાપક તારાજી, અનેક લોકોના મોત

જમ્મૂમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત

હિમાચલમાં રેડ એલર્ટ, આસામમાં પૂરની વિકટ સ્થિતિ

નવી દિલ્હી, તા. 21 (PTI)

ઉત્તર-પૂર્વ વરસાદી હોનારતોને કારણે ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયાં છે, જ્યાં પૂરે રેલવે ટ્રેક, ખેતીલાયક જમીન અને જાહેર ઉપયોગી સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું છે. બીજી તરફ હિમાચલ પ્રદેશ અને જમ્મૂમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત થયું છે.

હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાને કારણે છ મકાનો તણાઈ ગયાં હતાં, પરંતુ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે કોઈ જાનહાનિ થઈ નથી.

હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની 'રેડ એલર્ટ'ની આગાહીને ધ્યાનમાં રાખીને મંગળવારે કાંગડા, મંડી અને સિરમૌર જિલ્લામાં તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી.

અવિરત વરસાદને કારણે અધિકારીઓને શિમલાના થિયોગ, ચંબાના સાલૂની અને કુલ્લુ જિલ્લાના નિર્મંડમાં પણ તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવાની ફરજ પડી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કિન્નોર જિલ્લામાં બે સ્થળોએ ભૂસ્ખલન થતાં જૂનો હિંદુસ્તાન-તિબેટ રોડ (નેશનલ હાઇવે 5) વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

જમ્મૂ ક્ષેત્રના મોટા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જ્યારે બચાવ ટુકડીઓએ સૌથી વધુ પ્રભાવિત પૂંચ અને રાજૌરી જિલ્લામાં ગુમ થયેલા સાત લોકોની શોધ ચાલુ રાખી હતી.

રવિવારથી પૂંચ, રાજૌરી અને ડોડા જિલ્લામાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા 23 લોકોનાં મોત થયાં છે અને સાત અન્ય ગુમ છે.

આસામમાં ચરાઈદેવ જિલ્લામાં પૂરના કારણે એક વ્યક્તિનું મોત થતાં આવી વરસાદી હોનારતોમાં મૃત્યુઆંક વધીને 11 પર પહોંચ્યો છે.

બ્રહ્મપુત્રા, દિખોવ, દેસાંગ અને ધનસિરી સહિતની કેટલીક મુખ્ય નદીઓ રાજ્યના વિવિધ ભાગોમાં ભયજનક સપાટીથી ઉપર વહી રહી હતી, જેમાંના કેટલાક જળાશયો અતિશય પૂરની સપાટી વટાવી ચૂક્યા હતા.

આર્મી, એનડીઆરએફ, એસડીઆરએફ અને ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ સહિતની વિવિધ એજન્સીઓ દ્વારા રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી.

આસામના ઉપરવાસમાં પૂરના પાણી ટ્રેક પર ફરી વળતાં બીજા દિવસે પણ ટ્રેન સેવાઓ પ્રભાવિત રહી હતી. ઉત્તર-પૂર્વ ફ્રન્ટિયર રેલવે (એનએફઆર)એ કેટલીક ટ્રેનો રદ કરી હતી, અધવચ્ચે અટકાવી હતી અથવા તેના રૂટ બદલ્યા હતા અને અટવાયેલા મુસાફરો માટે ખાસ ટ્રેનોની પણ જાહેરાત કરી હતી.

ટ્રમ્પે કેનેડા સાથે ફરી વેપાર યુદ્ધ છેડ્યું: ૫૦ ટકા નવા ટેરિફ ઝિંક્યા

કેનેડાએ અમેરિકન ઓટોમોબાઇલ્સ, આલ્કોહોલ અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયી રીતે ભેદભાવ કર્યો હોવાનો આક્ષેપ

મોટાભાગની વસ્તુઓ પર આ ટેરિફ લાગશે, અગાઉ અમેરિકા-મેક્સિકો-કેનેડા કરાર દ્વારા મુક્તિ અપાઇ હતી તે વસ્તુઓ પર પણ લાગશે

વોશિંગ્ટન, ૨૧ જુલાઈઃ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે મોટાભાગની કેનેડિયન ચીજવસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ લાદી દીધા છે. તેમણે દાવો કર્યો હતો કે કેનેડાએ અમેરિકન ઓટોમોબાઇલ્સ, આલ્કોહોલ અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયી રીતે ભેદભાવ કર્યો છે.

આ પગલાંને કારણે આર્થિક અસ્થિરતાનું નવું મોજું આવી શકે છે, જેનાથી ફુગાવો વધવાનું જોખમ રહેલું છે. ટ્રમ્પના વ્હાઇટ હાઉસમાં વાપસી પહેલાં જે બે દેશો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા હતા, તેમની વચ્ચેના સંબંધો વધુ વણસી શકે છે. આ કાર્યવાહી અંગે અગાઉ માહિતી આપનાર વહીવટી અધિકારીએ જણાવ્યું હતું કે, ચીન સિવાય કેનેડા જ એકમાત્ર એવો દેશ હતો જેણે ટ્રમ્પના અગાઉના ટેરિફ સામે જવાબી કાર્યવાહી કરી હતી, તેથી તેને જવાબદાર ઠેરવવો જરૂરી છે.

ટ્રમ્પે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની સાથે રવિવારે વર્લ્ડ કપ ફાઈનલમાં મુલાકાત કરી હતી - જ્યાં બંને વચ્ચે મિત્રાચારીના ભાવો દેખાતા હતા - ત્યારબાદ તેમણે આ અણધારી જાહેરાત કરીને કેનેડિયન નેતાને ચોંકાવી દીધા છે. સોમવારે રાત્રે પ્રતિક્રિયા આપતાં કાર્નીએ જણાવ્યું હતું કે, આ ટેરિફથી સરહદની બંને બાજુના લોકોને નુકસાન થયું છે અને તેઓ પોતાના દેશને મજબૂત કરવા તેમજ કેનેડિયન કામદારોને ટેકો આપવા માટે કામ કરવા તૈયાર છે. વ્હાઇટ હાઉસે એક ફેક્ટ શીટમાં જણાવ્યું હતું કે આ ટેરિફ ૩૦ દિવસમાં અમલમાં આવશે અને તેમાં 'વાઇનથી લઈને હોકી સ્ટિક અને સિમેન્ટ સુધીની પ્રોડક્ટ્સ' આવરી લેવામાં આવશે. ટ્રમ્પે હાલ થોડા દિવસ પહેલા જ કહ્યુ હતું કે કેનેડાના જંગલોની આગ 'અહીં આવીને આપણી હવાને ઝેરી બનાવી રહી છે', તેમણે કેનેડાની આગના કારણે અમેરિકામાં હવાની ગુણવત્તા બગડી હોવાથી તેના પર વધારાના ટેરિફ લાદવાની શક્યતાઓ તપાસવા માટે પણ પોતાના સહાયકોને વિનંતી કરી હતી. જો કે આ ટેરિફ અંગે ટ્રમ્પે કહ્યું છે કે કેનેડાએ અમેરિકન ઓટોમોબાઇલ્સ, દારૂ અને ડેરી પ્રોડક્ટ્સ સાથે અન્યાયી રીતે ભેદભાવ કર્યો છે. નવા 50 ટકા ટેરિફમાંથી ઊર્જા ઉત્પાદનો, પોટાશ, માછલી અને મહત્વપૂર્ણ ખનિજોને બાદ રાખવામાં આવશે, પરંતુ તેમાં એવી ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવશે કે જેને અગાઉ અમેરિકા-મેક્સિકો-કેનેડા કરાર દ્વારા આયાત વેરામાંથી સુરક્ષા આપવામાં આવી હતી.

કેનેડાના વરિષ્ઠ નેતાએ આકરા વળતા પગલાની હાકલ કરી

કેનેડાની ફેડરલ સરકારે ટેરિફ અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી, પરંતુ ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે આગળ સંભવિત ટક્કરની વાત કરી છે. જો આ ટેરિફ આગળ વધશે, તો કેનેડાએ સામે ટેરિફ સામે ટેરિફ અને ડોલર સામે ડોલરના ધોરણે જવાબ આપવો જોઈએ એમ ફોર્ડે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું. કેનેડિયન ચેમ્બર ઓફ કોમર્સના સીઈઓ કેન્ડેસ લેઈંગે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રના આ પગલાં "ખેદજનક" છે, પરંતુ બંને દેશોએ ટેરિફ શરૂ થાય તે પહેલાંના ૩૦ દિવસના સમયગાળાનો ઉપયોગ વાટાઘાટો માટે કરવો જોઇએ.

ટેરિફ નીતિ ઘણી સફળ રહી છે, વધુ ટેરિફ આવી રહ્યા છે: USTR

અમેરિકાના વેપાર પ્રતિનિધિએ કહ્યું કે વેઠપ્રથા ધરાવતા અને સરપ્લસ ઉત્પાદન કરતા દેશો પર નવા ટેરિફ લાદવાનું આયોજન છે

વોશિંગ્ટન, તા. 21(PTI): અમેરિકાની ટેરિફ નીતિ અત્યંત સફળ રહી છે અને ટ્રમ્પ વહીવટીતંત્ર સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવેલા ઉપાયોના સ્થાને નવા પગલાં લેવાની યોજના બનાવી રહ્યું હતું, તેમ યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું. 'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ' સાથેની એક મુલાકાતમાં ગ્રીરે જણાવ્યું હતું કે, ટ્રમ્પ વહીવટીતંત્રે છેલ્લા એક વર્ષમાં યુએસની 70 વર્ષ જૂની વેપાર નીતિ બદલી નાખી છે અને આ નવા પગલાંના પરિણામે વેપાર ખાધમાં ઘટાડો થયો છે તેમજ ઉદ્યોગો-વ્યવસાયોનું પુનઃ દેશમાં આગમન થયું છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ટેરિફ વ્યવસ્થા પરિણામો આપી રહી છે, ત્યારે ગ્રીરે કહ્યું, હા, ચોક્કસ. મને લાગે છે કે આપણે અત્યંત સફળ રહ્યા છીએ. ગ્રીરે જણાવ્યું હતું કે વહીવટીતંત્રે ઝડપી કામગીરી કરી કારણ કે તે અમેરિકાની વધતી જતી વેપાર ખાધને એક આર્થિક કટોકટી તરીકે જોતું હતું જેના માટે નિર્ણાયક પગલાં લેવાની જરૂર હતી.

પેજ 3

અમિતાભ બચ્ચને બ્લોગમાં કર્યો સર્જરી અને ICUમાં દાખલ થયાનો ખુલાસો

મુંબઈ, તા. 21: અમિતાભ બચ્ચને સોમવારે પોતાના બ્લોગમાં હોસ્પિટલમાં દાખલ થવા, સર્જરી અને આઈસીયુમાં એડમિટ થવાનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે તેઓ ક્યારે, કઈ હોસ્પિટલમાં, કેટલા દિવસ અને શા માટે દાખલ હતા. આ જ વર્ષે મે મહિનામાં અમિતાભ બચ્ચનના હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સામે આવ્યા હતા. અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં લખ્યું, ''હોસ્પિટલમાં, એક સર્જરી પછી આઈસીયુમાં, અનુભવી ડોક્ટરો અને મેડિકલ સ્ટાફની દેખરેખ હેઠળ, પછી હોસ્પિટલમાંથી રજા અને ઘરે વાપસી. આ ઘરે વાપસીનો તબક્કો સૌથી મુશ્કેલ હોય છે. શારીરિક રીતે, માનસિક રીતે અને રોજિંદા જીવનની દૃષ્ટિએ પણ. તમે એક સન્માનિત ચેમ્પિયન રહ્યા હોવ અને એક દિવસ હાર તમારી સામે આવીને ઊભી રહી જાય. આ જિંદગીનો સૌથી કઠિન સમય હોય છે.''

જોન અબ્રાહમે બાંદ્રામાં રૂ. 84 કરોડનો બંગલો ખરીદ્યો

મુંબઈ, તા. 21 અભિનેતા જોન અબ્રાહમે મુંબઈના પ્રાઇમ વિસ્તારમાં એક બંગલો ખરીદીને પોતાના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે. લિયાસેસ ફોરાસ દ્વારા એક્સેસ કરાયેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, અભિનેતાએ બાંદ્રા વેસ્ટમાં રૂ. 84 કરોડનો બંગલો ખરીદ્યો છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ બંગલો બાંદ્રા વેસ્ટના સેન્ટ માર્ટિન રોડ પર આવેલો છે. આ પ્રોપર્ટી 1,017.60 ચોરસ મીટરની જમીનનો વિસ્તાર ધરાવે છે અને આશરે 193.12 ચોરસ મીટરના બિલ્ટ-અપ એરિયા ધરાવતો એક હયાત બંગલો છે, જેમાં આશરે 31.50 ચોરસ મીટરનો આઉટહાઉસ પણ સામેલ છે. આ વ્યવહાર માટે રજિસ્ટર્ડ રકમ રૂ. 84 કરોડ છે. દસ્તાવેજો દર્શાવે છે કે, આ વ્યવહાર 14 જુલાઈ, 2026ના રોજ રજીસ્ટર થયો હતો.

સ્વરા ભાસ્કરના પતિને ઘસડીને લઈ ગઈ મુંબઈ પોલીસ

મુંબઈ, તા. 21: બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કર અને તેમના પોલિટિકલ એક્ટિવિસ્ટ પતિ ફહાદ ઝિરાર અહમદ દ્વેક મુદ્દા પર પોતાના વિચારો બેધડક રજૂ કરે છે. સીજેપી વિરોધ પ્રદર્શનને સમર્થન આપવા માટે સ્વરા ભાસ્કર દિલ્હીના જંતર મંતર પર પણ જોવા મળી હતી. બીજી તરફ ફહાદે મુંબઈમાં આ અંગે એક પ્રદર્શનનું આયોજન કર્યું હતું. પોલિટિકલ એક્ટિવિસ્ટ ફહાદ અહમદને અન્ય પ્રદર્શનકારીઓ સાથે દાદરમાં ચૈત્યભૂમિ પર એક પ્રદર્શન દરમિયાન મુંબઈ પોલીસે અટકાયતમાં લીધો હતો. તેમને માહિમ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હોવાનો દાવો કરતાં સ્વરા ભાસ્કરે આ ઘટનાને શરમજનક પરિસ્થિતિ ગણાવી હતી. સ્વરાએ પતિનો વીડિયો પણ શેર કર્યો છે જેમાં પોલીસ તેમને કાઠલો પકડીને ઘસડતી લઈ જતી જોવા મળી રહી છે અને ફહાદ માત્ર વારંવાર પોતાનો ગુનો પૂછી રહ્યો છે.

અભિનેતા પીયૂષ મિશ્રા બાથરૂમમાં લપસી જતાં હાથમાં ફ્રેક્ચર

મુંબઈ, તા. 21 દિગ્ગજ એક્ટર પીયૂષ મિશ્રા દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયા છે. ફિલ્મ 'દુલ્હનિયા લે આયેગી'ના ડિરેક્ટર આકાશાદિત્ય લામાએ આ ખુલાસો કર્યો છે. વાસ્તવમાં પીયૂષ મિશ્રા પણ ફિલ્મ 'દુલ્હનિયા લે આયેગી'નો ભાગ છે. તેમણે આજે (મંગળવારે) ડિરેક્ટર અને એક્ટ્રેસ ખુશાલી કુમાર સાથે ફિલ્મના પ્રમોશન ઈવેન્ટમાં પહોંચવાનું હતું. જ્યારે પીયૂષ મિશ્રા ન પહોંચ્યા, તો તેમની ગેરહાજરીના સવાલ પર ડિરેક્ટર આકાશાદિત્ય લામાએ પરિસ્થિતિ સ્પષ્ટ કરી. લામાએ જણાવ્યું કે, પીયૂષ મિશ્રા પોતાના ઘરના બાથરૂમમાં લપસીને પડી ગયા છે, જેના કારણે તેમના હાથમાં ફ્રેક્ચર થઈ ગયું છે. ડોક્ટરોની સલાહ પર તેઓ હાલમાં પૂરી રીતે બેડ રેસ્ટ પર છે અને ફિલ્મના તમામ પ્રમોશન તેમ જ ઈવેન્ટ્સથી દૂર રહેશે.

નાનુ વિમાન બંગલા પર તૂટી પડ્યું: પાયલોટનો ચમત્કારિક બચાવ

કોકપીટમાં ફસાઇ ગયેલા પાયલોટને સલામત બહાર કઢાયો: અમેરિકાના ટેક્સાસનો બનાવ

ફૂલશેર(ટેક્સાસ), તા. ૨૧: સોમવારે સવારે એક નાનું વિમાન એક આલીશાન ઘરમાં ક્રેશ થવા છતાં પાયલટનો ચમત્કારિક રીતે બચાવ થયો છે. એવું માનવામાં આવે છે કે Piper J3C-65 વિમાનમાં સવાર એકમાત્ર અજાણ્યા પાયલટ સવારે આશરે 6 વાગ્યે ટેક્સાસના કોવે ટ્રેલ્સ એરસ્ટ્રિપ પર લેન્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તે ચૂકી જતાં વિમાન ફૂલશેર નામના શહેરમાં આવેલા એક ઘરના છાપરા સાથે અથડાઈ ગયું હતું. ઘરના માલિક તે સમયે પથારીમાં હતા. તેમણે ABC 13ને જણાવ્યું કે જ્યારે પ્લેન ઘર સાથે અથડાયું ત્યારે તેમણે એક જોરદાર ધડાકો સાંભળ્યો હતો. ઘટનાસ્થળની ડ્રામેટિક તસવીરોમાં પીળા રંગનું આ વિમાન ઘર સાથે અથડાઈને અટકેલું જોવા મળ્યું હતું. જેનું એક વ્હીલ છત પર અને એક પાંખ જમીન પર સ્વિમિંગ પૂલથી માત્ર થોડા જ ફૂટ દૂર હતી. ફૂલશેર સિમોન્ટન ફાયર ડિપાર્ટમેન્ટના બટાલીયન ચીફ ફોર્ડ સ્ટેઈને જણાવ્યું કે, જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે પાયલટ ભાનમાં હતો પરંતુ કોકપિટની અંદર ફસાયેલો હતો. અંતે તેઓ પાયલટ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા અને જાણવા મળ્યું કે તેને માત્ર સામાન્ય ઈજાઓ જ થઈ હતી. સારવાર માટે તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

સિક્કિમમાં ભૂસ્ખલનથી ટનલ ધસી પડી: ૧૦ મજૂરોનાં મોત

શોધ અને બચાવ કામગીરી ચાલુ, મૃત્યુઆંક વધવાની શક્યતા

કુલ 25 લોકો ટનલની અંદર ફસાયા હતા

ગંગટોક, તા. 21 (PTI): સિક્કિમના નામચી જિલ્લામાં એક દિવસ પહેલાં ભૂસ્ખલનના કારણે નિર્માણાધીન ટનલ ધસી પડતાં દસ લોકોનાં મોત થયાં છે. એમ મંગળવારે પોલીસે જણાવ્યું હતું.

નામચી જિલ્લાના એક અધિકારીએ જણાવ્યું હતું કે, સર્ચ અને રેસ્ક્યુ કામગીરી ચાલુ હોવાથી મૃતકોની સંખ્યા વધી શકે છે.

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે જણાવ્યું હતું કે, ભૂસ્ખલનના કારણે સમરડુંગના ઝોલુંગે ખાતે એનએચપીસી તીસ્તા સ્ટેજ VI હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટની ટનલ ધસી પડી હતી.

સોમવારે જ્યારે ટનલ અચાનક ધસી પડી ત્યારે પ્રોજેક્ટના અધિકારીઓ અને કામદારો સહિત કુલ 25 લોકો એડીઆઈટી-3 ટનલની અંદર ફસાયા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમની સાથે વાત કરી હતી અને બચાવ કામગીરી અંગે માહિતી મેળવી હતી.

નામચી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મંગળવારે સવારે 9.30 વાગ્યા સુધીમાં દસ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકોમાંથી સાતની ઓળખ થઈ ગઈ છે, જ્યારે ત્રણ અજાણ્યા મૃતદેહોને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સિંગતામ અને એસટીએનએમ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે."

ઓળખાયેલા સાત મૃતકોમાંથી ચાર પશ્ચિમ બંગાળના જલપાઈગુડીના, અસમ, પંજાબ અને ઉત્તરાખંડના દહેરાદૂનના એક-એક અને એક નામચીનો રહેવાસી હતો.

તમાંગે એક નિવેદનમાં જણાવ્યું કે, "જીવ ગુમાવનારા કામદારોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. દુઃખની આ ઘડીમાં, સમગ્ર રાજ્યની ભાવનાઓ અને પ્રાર્થનાઓ શોકગ્રસ્ત પરિવારો સાથે છે અને આ મુશ્કેલ સમયમાં અમે તેમની સાથે મજબૂતીથી ઊભા છીએ."

યુકેના નવા વડાપ્રધાન બર્નહામે સરકાર રચી: ભારતીય મૂળના મંત્રીને બઢતી

બર્નહામે સ્ટારમરના કેટલાક મંત્રીઓને પડતા મૂક્યા, કેટલાકના ખાતા બદલ્યા

ભારતીય મૂળના બે મંત્રીઓ: કનિષ્ક નારાયણને કેબિનેટ કક્ષાના આઇટી મંત્રી તરીકે બઢતી, લીસા નાંદીને વધારાની જવાબદારી સોંપાઇ

ભારતીય મૂળના બે મંત્રીઓનો પરિચય

આઇટીના કેબિનેટ મંત્રી બનેલા કનિષ્ક નારાયણ મૂળ યુપીના છે. મુઝફ્ફરપુર સાથે મૂળ ધરાવતા નારાયણનો પરિવાર જ્યારે તેઓ નાના હતા ત્યારે યુકે સ્થળાંતરિત થયો હતો. તેમણે ખાનગી ક્ષેત્રમાં કામ કર્યા બાદ રાજકારણમાં પ્રવેશતા પહેલા ઓક્સફર્ડ અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. તેઓ ભારત-યુકે સંબંધોના મહત્વ વિશે હંમેશા મુખર રહ્યા છે. બીજી તરફ, લિસા નાંદીને જુલાઈ ૨૦૨૪થી જે મંત્રીપદ સંભાળી રહ્યા છે તે જ પદ પર ફરીથી નમણૂક આપવામાં આવી છે. જેમાં ડિજિટલ સેવાઓની વધારાની જવાબદારી પણ ઉમેરવામાં આવી છે. ૪૪ વર્ષીય નાંદીનો જન્મ માન્ચેસ્ટરમાં થયો હતો. તેઓ કોલકાતામાં જન્મેલા શિક્ષણવિદ દીપક નાંદી અને અંગ્રેજ માતા લુઇસ બાયર્સના પુત્રી છે. તેઓ બર્નહામના નજીકના સાથીદાર છે.

લંડન, તા. ૨૧(પીટીઆઈ): બ્રિટિશ વડાપ્રધાન એન્ડી બર્નહામે ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટનો પદભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ પોતાની મુખ્ય ટીમ ફાઈનલ કરી લીધી છે. તેમણે બ્રિટિશ-ભારતીય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) મંત્રી કનિષ્ક નારાયણને કેબિનેટમાં પ્રમોશન આપ્યું છે, જ્યારે પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મરના અનેક સાથીઓને સરકારમાંથી હટાવી દીધા છે. સોમવારે કિંગ ચાર્લ્સ દ્વારા સરકાર રચવાનું આમંત્રણ મળ્યા બાદ, બર્નહામે ટૂંક સમયમાં જ કેબિનેટમાં જોડાનારા મંત્રીઓની ટીમની જાહેરાત કરવાનું શરૂ કર્યું હતું. લિસા નાંદી અન્ય એક ભારતીય મૂળના મંત્રી છે જેમણે પોતાનો વિભાગ જાળવી રાખ્યો છે, સાથે જ તેમને 'ડિજિટલ, કલ્ચર, મીડિયા અને સ્પોર્ટ'ના સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકેની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

ઓસ્ટ્રેલિયામાં એક મહિલાએ એકસાથે ચાર બાળકોને જન્મ આપ્યો

ચારેય એકસરખી દેખાતી પુત્રીઓ છે

ઓસ્ટ્રેલિયામાં આવો કદાચ પ્રથમ બનાવ

બ્રિસ્બેન, તા. ૨૧: ચાર બાળકોની ગૌરવશાળી માતા જેનિટર ના'આમોઆના એ વધુ બાળકો બનાવવાનું કોઈ આયોજન નહોતું કર્યું. જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે તે તેના માટે એક સરપ્રાઈઝ હતું - જો કે સૌથી મોટો આંચકો તો હજુ આવવાનો બાકી હતો. તેણે એકસાથે ચાર બાળકીઓને જન્મ આપ્યો છે.

ઓસ્ટ્રેલિયામાં આવી પ્રથમ ઘટના હોવાનું માનવામાં આવે છે, જેમાં ૩૪ વર્ષીય કુમારી ના'આમોઆનાએ વિજ્ઞાનના તમામ ગણિતોને પાછળ છોડીને કુદરતી રીતે ગર્ભધારણ કરીને ચાર એકસરખી બાળકીઓને જન્મ આપ્યો છે. આ ચાર બાળકીઓનો જન્મ '૧.૫ કરોડમાંથી કોઈ એક જ કિસ્સામાં' બનતી દુર્લભ ગર્ભાવસ્થા દ્વારા થયો હતો, જેમાં એક જ ફલિત અંડ વિભાજિત થઈને ચાર ભાગમાં વહેંચાઈ ગયું હતું. કુમારી ના'આમોઆના રોયલ બ્રિસ્બેન એન્ડ વિમેન્સ હોસ્પિટલ ખાતે માત્ર ૨૮ અઠવાડિયાથી વધુ સમયમાં સી-સેક્શન દ્વારા પોતાની બાળકીઓને જન્મ આપીને હવે કુલ આઠ બાળકોની માતા બની ગઈ છે. હોસ્પિટલના અધિકારી અલેક્સા બેન્ડલે જણાવ્યું હતું કે, આ અકલ્પનીય છે... અમને નથી લાગતું કે ઓસ્ટ્રેલિયામાં આવું ક્યારેય બન્યું હોય. વિશ્વમાં અન્ય જગ્યાએ આવા કદાચ બે-ત્રણ કિસ્સાઓ બન્યા હશે, પરંતુ ઓસ્ટ્રેલિયામાં પ્રથમ જ જણાય છે.

૪ ભારતીય નાવિકોના મોત: ભારતે રશિયાના રાજદૂતને સમન્સ પાઠવ્યું

વિદેશ મંત્રાલયે નોંધાવ્યો સખત વિરોધ; નિર્દોષ નાગરિકો પરના હુમલાને અસ્વીકાર્ય ગણાવ્યો

નવી દિલ્હી, તા. ૨૧ (PTI): ભારતે મંગળવારે રશિયન ચાર્જ ડી અફેર્સ (સીડીએ)ને સમન્સ પાઠવ્યું હતું અને યુક્રેનના દરિયાકાંઠા નજીક ગિની બિસાઉનો ધ્વજ ધરાવતા એક વેપારી જહાજ પર ચાર ભારતીય નાવિકોની હત્યા અંગે વિરોધ નોંધાવ્યો હતો.

વિદેશ મંત્રાલયે (એમઈએ) જણાવ્યું હતું કે, તેણે રશિયન સીડીએને રવિવારે વેપારી જહાજ 'એમવી ગોલ્ડન લિયો' પર થયેલા હુમલા અંગે ભારતની ગંભીર ચિંતાઓ અને અસ્પષ્ટ શબ્દોમાં સખત નિંદા વ્યક્ત કરી છે.

વિદેશ મંત્રાલયે સીડીએ વ્લાદિમીર લાડાનોવને જણાવ્યું હતું કે, "આવા હુમલાઓ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારની સલામતી, સુરક્ષા અને સ્થિરતાને નુકસાન પહોંચાડે છે."

એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "રશિયન ચાર્જ ડી અફેર્સને તેમની સત્તાવાળાઓ સમક્ષ ભારતની સખત ચિંતાઓ રજૂ કરવા વિનંતી કરવામાં આવી હતી કે, કોમર્શિયલ શિપિંગને લક્ષ્ય બનાવવું અને તેના પરિણામે નિર્દોષ નાગરિકોના જીવ ગુમાવવા અસ્વીકાર્ય છે અને તેનાથી બચવું જોઈએ."

યુક્રેનના વિદેશ પ્રધાન એન્ડ્રી સિબિહાએ જણાવ્યું હતું કે, રશિયાએ રવિવારે યુક્રેનના દરિયાઈ કોરિડોરમાંથી પસાર થઈ રહેલા નાગરિક જહાજ પર હુમલો કર્યો હતો અને તેના ક્રૂમાં સિરિયા અને ભારતના નાગરિકો સામેલ હતા.

રશિયા-યુક્રેન સંઘર્ષમાં ભારતીય નાવિકોના મોતની આ પ્રથમ ઘટના છે.

યુક્રેનિયન એરફોર્સે જણાવ્યું કે ગિની-બિસાઉના ધ્વજવાળા આ જહાજ પર રશિયન ક્રૂઝ મિસાઈલો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 'એમવી ગોલ્ડન લિયો' જહાજ પર ૫ ભારતીય નાગરિકો સહિત ૧૭ ક્રૂ મેમ્બર્સ હતા.

ભારતે આ હુમલાની નિંદા કરી હતી અને પુનરાવર્તન કર્યું હતું કે કોમર્શિયલ શિપિંગને નિશાન બનાવવું અને નિર્દોષ નાગરિક ક્રૂ મેમ્બરોને જોખમમાં મૂકવા એ ખેદજનક છે અને તેનાથી બચવું જોઈએ."